**નંદેસરી પોલીસ સ્ટેશન ગુ. રજી. નં. પાર્ટ-એ, ૧૧૧૯૬૦૩૯૨૫૦૪૯૨/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના ગુનાના કામે આરોપી : હિતેશભાઈ સ/ઓ ગીરવતભાઈ ઉદેસિંહ ગોહીલ, રહે. ચામુંડાનગર, ડાઈસ્ટપ કંપની સામે, ગુજરાત ચોકડી, જી.આઈ.ડી.સી., નંદેસરી, તા.જી.વડોદરા નાઓની જામીન અરજી નીચે હુકમ:-**

(૧) આ કામે જામીન અરજી વંચાણે લીધી, કેસ રેકર્ડ વંચાણે લીધું. આરોપીના વિ.વ.વકીલશ્રી નાઓને સાંભળ્યા. તેઓએ તેમની રજુઆત કરતાં જણાવેલ છે કે, આરોપી વડોદરાનો સ્થાનિક રહેવાસી છે તેમજ આરોપી નાસી ભાગી જાય તેવી શકયતા જણાઈ આવતી નથી. તેમજ હાલના કામે આરોપીએ કોઈ ગુનો કરેલ નથી અને ખોટી રીતે ગુનાના કામે અટક કરવામાં આવેલ છે. આરોપી તદ્દન નિર્દોષ છે, શક ઉપરથી તેઓને પકડેલ છે. તેમજ સદર આરોપી કુટુંબ કબીલાવાળો માણસ હોઈ તેના ઉપર તેના કુટુંબની જવાબદારી છે. નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા માટે અમો બંધાયેલા છીએ. જેથી હળવી રકમના જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલી છે.

(૨) આ કામે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ તેમની રજુઆત કરતા જણાવેલ છે કે, હાલના કામના આરોપી ઉપર ફરીયાદીને માર મારી ઈજા પહોચાડેલ હોવાનો ગંભીર પ્રકારનો શિક્ષાપાત્ર ગુનાનો આક્ષેપ છે. જેથી હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) આ કામે કેસ પેપર્સ વંચાણે લીધા તેમજ વિ.એ.પી.પી.શ્રી.ને સાંભળ્યા. હાલના કામના આરોપી વિરૂઘ્ધ બી.એન.એસ.ની કલમ-૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાનો આક્ષેપ છે. વધુમાં આરોપીના વિ.વકીલશ્રી તર્ફે રજુ નામદાર ઉચ્ચતમ અદાલતનો ચુકાદો Prabhakar Tewari Versus State Of Uttar Pradesh. ઘ્યાને લીધો. અને ગુનાના કામે ત.ક.અ.શ્રી.ની રજુઆત મુજબ સદર આરોપી અન્ય ગુનામાં સંડોવાયેલ હોય તેવી કોઈ રજુઆત નથી. આ કામના આરોપી વિરૂઘ્ધ આક્ષેપાયેલ ગુનાની સજાની જોગવાઈને ઘ્યાને લીધી તેમજ આરોપી નામદાર

કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા સુધી માન્ય હોવાનું જણાવેલ છે. તેવા સંજોગોની અંદર જામીન મુકિત અંગેના ધારા ધોરણો, કેસની હકીકત અને ગુનાની ગંભીરતા, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી, આરોપી સામે અન્ય કોઈ ગુના ન હોવાની રજુઆત, પ્રાઈમાફેસી હાલના આરોપી ન્યાયીક પ્રક્રિયાથી કયાંય નાસી ભાગી જાય તેમ ન હોય જેથી આ તમામ હકીકતોને ધ્યાને લેતાં આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે તો તે યોગ્ય અને વાજબી રહેશે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//:: હુ ક મ :://**

આરોપીની હાલની જામીન અરજી આથી **"મંજુર"** કરવામાં આવે છે.

આ કામના આરોપીને જામીન પેટે રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપીયા દસ હજાર પુરા) રોકડ જમા કરાવવા તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**શરતો:-**

(૧) આરોપીએ તપાસ કરનાર અધિકારીને તપાસમાં સાથ સહકાર આપવો અને જયારે બોલાવે ત્યારે અને ત્યાં હાજર રહેવું.

(૨) આરોપીએ ચાર્જશીટ થતાં સુધી દરેક મહીનાની ૧ થી ૧૦ તારીખની અંદર આવતા પહેલા સોમવારના દિવસે સંબંધિત પોલીસ સ્ટેશનમાં સવારના કલાક ૧૧:૦૦ થી બપોરના કલાક ૨:૦૦ ના સમયગાળા દરમ્યાન હાજરી પુરાવવી.

(૩) આરોપીએ પોતાની જામીન મુકિતનો કોઈ પણ રીતે ગેરલાભ કે ગેર ઉપયોગ કરવો નહીં અને આ પ્રકારના ગુનાહીત કૃત્યમાં ફરીથી પોતાની જાતને સંડોવવી નહીં.

(૪) આરોપીએ ફરિયાદી તથા ફરિયાદપક્ષના સાહેદોને ધાક ધમકી, લાલચ, પ્રલોભન આપી ફોડવા પ્રયત્ન કરવાની અને ફરિયાદ પક્ષના હિતને નુકસાન થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

(૫) આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો અત્રેની અદાલતમાં દિન-૦૭ માં જમા કરાવવો તેમજ પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે સોગંદનામાથી જાહેર કરવું.

(૬) આરોપીએ પોતાનું રહેણાંકનું પુરેપુરૂં સરનામું તથા મોબાઈલ નંબર લેખિતમાં સંબંધિત અદાલતને આપવાનું રહેશે અને તે સરનામામાં આ અદાલતની પુર્વ પરવાનગી વિના કોઈ ફેરફાર કરવાનો રહેશે નહીં.

(૭) આરોપીએ ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૮) ઉપરોકત કોઈ પણ શરતોનું ભંગ થયેથી જામીન તથા જાત મુચરકો આપોઆપ રદ થશે.

હુકમ આજ તારીખ:૧૭.૧૧.૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:૧૭.૧૧.૨૦૨૫
વડોદરા

ઈ.ચા ૧૦ માં એડી.જયુડી.મેજી.ફ.ક.,વડોદરા
કોડ નં. જીજે ૦૧૭૨૫

વી.એન.ખુમાણ/સ્ટેનોગ્રાફર.